# મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના

1. મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના (ધોરણ ૯ થી ૧૨) શિક્ષણ વિભાગના તા. ૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવથી અમલમાં આવેલ છે.
2. મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ધોરણ- ૧ થી ૮ માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સળંગ અભ્યાસ કરી ધોરણ-૮ નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ,૨૦૦૯ **(RTE Act, 2009)** અને તે હેઠળ રચાયેલા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા અને વંચિત જૂથના બાળકોને સ્વ નિર્ભર વર્ગની સંખ્યાના ૨૫% ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માધ્યમિક શિક્ષણ બોર્ડની કે અન્ય બોર્ડની સાથે સંલગ્ન શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વ-નિર્ભર શાળાઓ, રાજયની સરકારી શાળાઓ અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા આવા ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા અંગે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના નો શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી અમલી કરેલ છે.
3. આ બાબતે દર વર્ષે આ અંગેની કસોટી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવશે. અને તેનું પરિણામ જાહેર થયા બાદ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની આખરી મેરીટ યાદી નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા પોર્ટલ પર જાહેર કરવામાં આવશે.
4. આ યોજનામાં દર વર્ષે ધોરણ-૧૦ નું ૮૦% કે તેથી વધુ પરિણામ ધરાવતી સ્વ નિર્ભર શાળાઓ અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓની પસંદગી કરી પોર્ટલ પર અદ્યતન કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
5. આ યોજનામાં કુલ ૫૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. વહીવટી મંજુરી મળી ગયેલ છે.
6. જે વિદ્યાર્થીઓ રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ ધારાધોરણ મુજબ પસંદ કરેલ સ્વ નિર્ભર શાળાઓમાં ધોરણ ૬ પ્રવેશ મેળવશે તો વિદ્યાર્થીને આ સ્કોલરશીપનો લાભ ધોરણ ૯ થી શરૂ કરી ધોરણ ૧૨ પૂર્ણ કરે ત્યાં સુધી નીચે મુજબ મળવાપાત્ર રહેશે.

i. ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨૨,૦૦૦/-

ii. ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨૫,૦૦૦/-

7. જે વિદ્યાર્થીઓ સરકારી અથવા કોઈપણ અનુદાનિત શાળાઓમાં શાળાઓમાં ધોરણ ૯ પ્રવેશ મેળવશે તો વિદ્યાર્થીને આ સ્કોલરશીપનો લાભ ધોરણ ૯ થી શરૂ કરી ધોરણ ૧૨ પૂર્ણ કરે ત્યાં સુધી નીચે મુજબ મળવાપાત્ર રહેશે.

i. ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૬,000/-

ii. ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૭,000/-

8. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ અનુદાનિત કે સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવે તો તે શાળાઓને નીચે મુજબ વિદ્યાર્થી દીઠ નાણાંકીય સહાય આપવામાં આવશે.

i. ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૩,000/-

ii. ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૪,000/-